Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016




દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS

Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૪૦ ● સળંગ અંક : ૧૧૨૮ ● પ્રકાશિત તા-૨૦-૮-૨૦૨૬,ગુરુવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## SBI ખાતાધારકો માટે એલર્ટ!:હવે બેંકમાંથી રોકડ રૂપિયા ઉપાડવા પર ચાર્જ લાગશે

### ૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી એક મહિનામાં ચાર મફત ઉપાડ પછી પ્રતિ ટ્રાન્ઝેક્શન ૧૫ રૂપિયાનો ચાર્જ સાથે જીએસટી પણ લાગશે

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (SBI) એ તેના ખાતાધારકો માટે એલર્ટ જાહરે કર્યું છે. સાથે જ નિયમમાં પણ ફેરફાર કર્યો છે. બેંકની ચેતવણી છે કે જો તમે SBI ની બ્રાન્ચમાંથી ૪ થી વધુ વખત પૈસા ઉપાડશો તો તમારે ચાર્જ ચૂકવવો પડી શકે છે.નવા ફેરફાર હેઠળ, હવે ફક્ત બ્રાન્ચમાંથી ઉપાડ પર પ્રથમ ૪ ટ્રાન્ઝેક્શન મફત કરવામાં આવ્યા છે. ૫મા ટ્રાન્ઝેક્શનથી શુલ્ક લાગુ પડશે. આ નિયમ ૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી લાગુ થશે.

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ ખાતાધારકોને જાણ કરી છે કે આ ફેરફારો તમામ ખાતાધારકોને લાગુ પડશે નહીં. ફક્ત બેઝિક સેવિંગ્સ બેંક ડિપોઝિટ (BSBD) ખાતા માટે સર્વિસ ચાર્જ લાગુ પડશે. જો તમારું પણ આ ખાતું છે, તો તમે બેંકની શાખામાંથી ૧ મહિનામાં ફક્ત ૪ વખત મફત રૂપિયાનો ઉપાડ કરી શકો છો. તેનાથી વધુ વખત ઉપાડ કરવા પર તમારે ચાર્જ ચૂકવવો પડશે.

એસબીઆઈની વેબસાઈટ મુજબ, પહેલા પણ મહિનામાં ૪ ઉપાડ મફત હતા, પરંતુ તેમાં એસબીઆઈ એટીએમ, અન્ય બેંકના એટીએમ, બ્રાન્ચમાંથી ઉપાડ, માઈક્રો એટીએમ વગેરેનો સમાવેશ થતો હતો. ફક્ત UPI, NEFT, RTGS, IMPS જેવા ડિજિટલ ટ્રાન્ઝેક્શન માધ્યમોને બાદ રાખવામાં આવ્યા હતા. નવા ફેરફાર હેઠળ હવે ફક્ત બ્રાન્ચ ચેનલમાંથી ઉપાડ માટે મહિનાના પહેલા ૪ ટ્રાન્ઝેક્શનને મફત કરવામાં આવ્યા છે.

જોકે, તેનો અર્થ એ નથી કે જો તમે આ ખાતા હેઠળ એટીએમમાંથી પૈસા ઉપાડો છો, તો તમારે પહેલા ટ્રાન્ઝેક્શનથી જ ચાર્જ ચૂકવવો પડશે. બસ નવા નિયમમાં એસબીઆઈ છૂસ, બીજા બેંકના ATM, બ્રાન્ચમાંથી ઉપાડ, માઈક્રો ATM વગેરેને નવા નિયમમાં જોડવામાં આવ્યા નથી. તેના પર જૂના નિયમો લાગુ પડશે.

૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી બ્રાન્ચમાંથી ઉપાડ દરમિયાન એક મહિનામાં પહેલા ચાર મફત ઉપાડ પછી વધારાના રોકડ ઉપાડ પર પ્રતિ ટ્રાન્ઝેક્શન ૧૫ રૂપિયાનો ચાર્જ સાથે જીએસટી પણ લાગશે.

BSBD એકાઉન્ટ એટલે કે Basic Savings Bank Deposit Account, એક એવું બેઝિક સેવિંગ્સ એકાઉન્ટ છે, જેને ખાસ કરીને બેંકિંગ સેવાઓને વધુ લોકો સુધી પહોંચાડવા અને મિનિમમ બેલેન્સ વગર બચતની સુવિધા આપવાના ઉદ્દેશ્યથી બનાવવામાં આવ્યું છે.

આ ખાતામાં ગ્રાહકને ન્યૂનતમ બેલેન્સ જાળવી રાખવાની જરૂર નથી હોતી. SBI અનુસાર, આ ખાતું ખાસ કરીને એવા લોકો માટે ઉપયોગી છે જેઓ સામાન્ય બેંકિંગ સેવાઓને ઓછા શુલ્ક અને સરળ રીતે ઉપયોગ કરવા માંગે છે.










જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## AMCનો મોટો નિર્ણય

# કિચનની સફાઈ પર રહેશે ગ્રાહકોની નજર; રેસ્ટોરન્ટમાં LIVE CCTV ફરજિયાત

### ગ્રાહકોની આરોગ્ય સુરક્ષા અને કામગીરીમાં વધુ પારદર્શકતા સુનિશ્ચિત કરવાના હેતુથી તંત્ર દ્વારા શહેરના ૧૧,૧૨૩ થી વધુ રેસ્ટોરન્ટ્સ અને ફૂડ બિઝનેસ ઓપરેટર્સને ઈ-મેઈલ મારફતે ખાસ આદેશ જાહેર

અમદાવાદ : શહેરમાં ખાદ્ય સામગ્રીની ગુણવત્તા અને સ્વચ્છતા જાળવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના ફૂડ વિભાગે કડક વલણ અપનાવ્યું છે. ગ્રાહકોની આરોગ્ય સુરક્ષા અને કામગીરીમાં વધુ પારદર્શકતા સુનિશ્ચિત કરવાના હેતુથી તંત્ર દ્વારા શહેરના ૧૧,૧૨૩ થી વધુ રેસ્ટોરન્ટ્સ અને ફૂડ બિઝનેસ ઓપરેટર્સને ઈ-મેઈલ મારફતે ખાસ આદેશ જાહેર કરવામાં આવ્યો છે. આ નિર્દેશ મુજબ, તમામ ખાદ્ય એકમોએ પોતાના રસોડામાં (કિચન) સીસીટીવી કેમેરા લગાવી તેનું લાઈવ સ્ટ્રીમિંગ રિસેપ્શન એરિયા અને ગ્રાહકોના બેસવાના સ્થળે પ્રદર્શિત કરવાનું રહેશે.

ઉલ્લેખનીય છે કે, ગત ૧૯ ઓગસ્ટના રોજ ફૂડ વિભાગ દ્વારા હાથ ધરાયેલા વ્યાપક ચેકિંગ દરમિયાન અનેક સ્થળોએ FSSAI ના નિયમોનો અનાદર, ભારે અસ્વચ્છતા, ખાદ્ય સામગ્રીમાં જીવાતો અને ભેળસેળ જોવા મળી હતી. જેના પગલે કોલેજ કેન્ટીન સહિત શહેરના કેટલાક નામાંકિત આઉટલેટ્સને તાત્કાલિક અસરથી સીલ કરી દેવામાં આવ્યા હતા. ફૂડ વિભાગે સ્પષ્ટ ચેતવણી આપી છે કે નિયમોનું અનાદર કરનાર કોઈપણ એકમ સામે લાયસન્સ રદ કરવા સુધીના કડક કાયદાકીય પગલાં લેવામાં આવશે.

શહેરમાં ખાદ્ય પદાર્થોની શુદ્ધતા અને ગ્રાહકોના આરોગ્યની સુરક્ષાને પ્રાથમિકતા આપતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગે તમામ ફૂડ આઉટલેટ્સ માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. ફૂડ વિભાગના અધિકારી ડૉ. તેજસ શાહે સ્પષ્ટ કર્યું છે કે, Food Saf'y and Standards Act, ૨૦૦૬ તેમજ FSSAI ની માર્ગદર્શિકા મુજબ દરેક ખાદ્ય એકમે કિચનની પૂર્ણ સ્વચ્છતા, કારીગરોના વ્યક્તિગત હાઈજીન, કાચા અને રાંધેલા ખોરાકના અલગ સંગ્રહ, પીવાના શુદ્ધ પાણી, નિયમિત પેસ્ટ કંટ્રોલ અને કચરાના યોગ્ય નિકાલના નિયમોનું પાલન કરવાનું રહેશે.

ગ્રાહકો પોતાની નજરે જ રસોડાની કામગીરી અને સ્વચ્છતા નિહાળી શકે તે માટે સીસીટીવીનું લાઈવ પ્રસારણ દર્શાવવું હવે અનિવાર્ય રહેશે. આ ઉપરાંત, ખોરાકને ધૂળ-માટી, જીવાત કે અન્ય દૂષિત તત્વોથી બચાવવા, માત્ર મંજૂર કરાયેલા ફૂડ કલર્સનો યોગ્ય માત્રામાં ઉપયોગ કરવા તેમજ રસોઈના તેલનો મર્યાદિત અને સુરક્ષિત પુનઃઉપયોગ કરવા અંગે પણ કડક સૂચના આપવામાં આવી છે. તંત્ર દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે નિયમોનું ઉલ્લંઘન કરનાર કે બેદરકારી દાખવનાર એકમો સામે કાયદેસરના પગલાં લેવાશે, અને ગંભીર કિસ્સાઓમાં લાયસન્સ રદ કરી એકમ સીલ પણ કરી દેવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા શહેરમાં હાથ ધરાયેલા સઘન ચેકિંગ દરમિયાન ગંભીર ક્ષતિઓ સામે આવતાં અનેક ખાદ્ય એકમો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. FSSAI લાયસન્સનો અભાવ, અસ્વચ્છતા, ખોરાકમાં જીવાતો અને ભેળસેળયુક્ત સામગ્રી મળી આવતાં તંત્ર દ્વારા કોલેજ કેન્ટીન સહિત અનેક જાણીતા આઉટલેટ્સને સીલ કરી દેવામાં આવ્યા છે.

## ૧૩ ખાણી-પીણીના એકમો સીલ કરાયા

# અમદાવાદમાં વેપારીઓ સાવધાન ! ફૂટપાથ પર દબાણ કરવું ભારે પડશે!

### જાહેર ફૂટપાથ અને માર્જિનની જગ્યાનો વેપારી ઉપયોગ કરનારા દુકાનદારો સામે મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગે લાલ આંખ

અમદાવાદ : અમદાવાદમાં જાહેર ફૂટપાથ અને માર્જિનની જગ્યાનો વેપારી ઉપયોગ કરનારા દુકાનદારો સામે મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગે લાલ આંખ કરી છે. શહેરના માનસી સર્કલથી વસ્ત્રાપુર તળાવ તરફ જતા રોડ પર ફૂટપાથ અને માર્જિનમાં ટેબલ-ખુરશી સહિતનો સામાન મૂકી દબાણ કરનારા ખાણી-પીણીના એકમો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. કુલ ૧૩ એકમોને સીલ કરવામાં આવ્યા છે.

રિપોર્ટ મુજબ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહીમાં માનસી સર્કલ થી વસ્ત્રાપુર તળાવ રોડ પર આવતા અપના પંજાબ પરાઠા, શ્રી ભૈરવનાથ પરાઠા, ઓન્લી ઢોસા, જલારામ ફૂડ્સ, રાજા રાણી ફૂડ્સ સહિતના કુલ ૧૩ ખાણી-પીણીના એકમોને સીલ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત દબાણના મામલે કુલ ૮ એકમો પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂ.૧.૫૫ લાખનો દંડ પણ વસૂલવામાં આવ્યો હતો.

ઉત્તર-પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગની ટીમે માનસી સર્કલથી વસ્ત્રાપુર તળાવ તરફ જતા માર્ગ પર તપાસ હાથ ધરી હતી. કાર્યવાહી દરમિયાન ફૂટપાથ અને માર્જિનના ભાગમાં ટેબલ-ખુરશી તથા અન્ય રીતે દબાણ કરનારા ખાણી-પીણીના એકમોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ કાર્યવાહીમાં અપના પંજાબ પરાઠા, શ્રી ભૈરવનાથ પરાઠા, ઓન્લી ઢોસા, જલારામ ફૂડ્સ અને રાજા રાણી ફૂડ્સ સહિત કુલ ૧૩ એકમોને સીલ કરવામાં આવ્યા હતા.

દબાણ અંગેની કાર્યવાહી દરમિયાન ૮ એકમો પાસેથી કુલ રૂ.૧,૫૫,૦૦૦નો વહીવટી ચાર્જ પણ વસૂલવામાં આવ્યો હતો. કોર્પોરેશન દ્વારા જાહેર જગ્યાઓનો વ્યાવસાયિક ઉપયોગ કરનારા એકમો સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ઘણા ખાણી-પીણીના એકમો બહાર ગ્રાહકો માટે ટેબલ-ખુરશી ગોઠવતા હોય છે. આવી વ્યવસ્થા દુકાન માટે ઉપયોગી બની શકે છે, પરંતુ જો તેના કારણે ફૂટપાથ બંધ થઈ જાય અથવા રાહદારીઓને રસ્તા પર ચાલવાની ફરજ પડે તો જાહેર વ્યવસ્થાને અસર થાય છે. આથી કોર્પોરેશન દ્વારા ફૂટપાથ અને માર્જિનનો જાહેર હેતુ માટે જ ઉપયોગ થાય તે માટે દબાણ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# અમદાવાદમાં ૬ મહિનામાં ૪૬ હજારથી વધુ ડોગ બાઈટના કેસ

અમદાવાદ શહેરમાં રખડતા શ્વાનનો આતંક દિન-પ્રતિદિન ચિંતાજનક રીતે વધી રહ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સીએનસીડી વિભાગ દ્વારા જાહેર કરાયેલા તાજેતરના આંકડા મુજબ, વર્ષ ૨૦૨૬ના શરૂઆતી ૬ મહિનામાં જ શહેરમાં ૪૬,૬૩૪ લોકોને કૂતરા કરડ્યા છે. આ આંકડા દર્શાવે છે કે શહેરમાં પ્રતિદિન સરેરાશ ૨૫૦થી વધુ નાગરિકો ડોગ બાઈટનો ભોગ બની રહ્યા છે, જેના કારણે અમદાવાદીઓ સતત ભયના ઓથાર હેઠળ જીવવા મજબૂર બન્યા છે.રખડતા કૂતરાઓને પકડવા માટે માત્ર ૫ મહિનાના ટૂંકા સમયગાળામાં એએમસીને ૩,૧૫૧ જેટલી ફરિયાદો મળી છે. સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે કોર્પોરેશનમાં રજૂઆત કરવા છતાં મ્યુનિસિપલ ટીમ સમયસર ઘટનાસ્થળે પહોંચતી નથી. તંત્રની આ નિષ્ક્રિયતા અને ઢીલી કામગીરીના કારણે શેરીઓ અને સોસાયટીઓમાં

### પ્રતિદિન સરેરાશ ૨૫૦થી વધુ નાગરિકો ડોગ બાઈટનો ભોગ બની રહ્યા છે..

રખડતા શ્વાનનો ત્રાસ વધુ ઉગ્ર બની રહ્યો છે.છેલ્લા ૫ વર્ષ દરમિયાન રખડતા શ્વાનોના ખસીકરણ અને રસીકરણ પાછળ પાલિકા દ્વારા રૂ. ૯.૭૪ કરોડ (અંદાજે ૧૦ કરોડ) રૂપિયાનો જંગી ખર્ચ કરવામાં આવ્યો છે. આ કામગીરી હેઠળ ૧,૩૫,૩૮૦ શ્વાનનું ખસીકરણ અને રસીકરણ કરાયાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. જોકે, આટલી મોટી રકમ વપરાઈ ગયા પછી પણ પરિસ્થિતિમાં કોઈ સુધાર જોવા મળ્યો નથી.જંગી બજેટ અને વિવિધ યોજનાઓ છતાં પરિણામ શૂન્ય રહેતાં તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. કરોડો રૂપિયાના ખર્ચ બાદ પણ જો રોજના ૨૫૦થી વધુ લોકો ભોગ બનતા હોય, તો ખસીકરણની પ્રક્રિયા માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ હોય તેમ લાગે છે. નાગરિકો હવે આ સમસ્યાનો કાયમી અને નક્કર ઉકેલ લાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.


શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો



સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન

દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-ચંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-ચંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760


## ૨૬ ટકા રહેણાંક ઈમારતો ૩૦ વર્ષથી જૂની

# અમદાવાદમાં રીડેવલપમેન્ટનું મોટું માર્કેટ, આ વિસ્તારો મોખરે..!!

### રીડેવલપમેન્ટ પ્રવૃત્તિ મુખ્યત્વે નવરંગપુરા, પાલડી, વાસણા, મણિનગર, વાડજ અને નારણપુરા જેવા વિસ્તારોમાં કેન્દ્રિત છે. આ પાંચ વિસ્તારોમાં શહેરના કુલ રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સમાંથી આશરે ૭૦ ટકા પ્રોજેક્ટ્સ નોંધાયા

અમદાવાદ : શહેરમાં જૂની રહેણાંક સોસાયટીઓના રીડેવલપમેન્ટ માટે મોટી સંભાવનાઓ ઊભી થઈ રહી છે. એક યુનિવર્સિટી દ્વારા હાથ ધરાયેલા અભ્યાસ મુજબ અમદાવાદની આશરે ૨૬ ટકા રહેણાંક સોસાયટીઓ ૩૦ વર્ષથી વધુ જૂની છે. તેમાં ૧૯ ટકા સોસાયટીઓ ૩૦થી ૪૦ વર્ષ જૂની, જ્યારે ૭ ટકા સોસાયટીઓ ૪૦ વર્ષથી વધુ જૂની હોવાનું સામે આવ્યું છે. હાલના રીડેવલપમેન્ટ નિયમો મુજબ ૨૫ વર્ષ પૂર્ણ કરનારી રહેણાંક સોસાયટી અથવા બિલ્ડિંગ રીડેવલપમેન્ટ માટે પાત્ર બની શકે છે, જેના કારણે શહેરમાં રીડેવલપમેન્ટનું મોટું માર્કેટ ઊભું થવાની શક્યતા છે.

RERAમાં નોંધાયેલા પ્રોજેક્ટ્સના વિશ્લેષણ મુજબ અમદાવાદમાં રીડેવલપમેન્ટ પ્રવૃત્તિ મુખ્યત્વે નવરંગપુરા, પાલડી, વાસણા, મણિનગર, વાડજ અને નારણપુરા જેવા વિસ્તારોમાં કેન્દ્રિત છે. આ પાંચ વિસ્તારોમાં શહેરના કુલ રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સમાંથી આશરે ૭૦ ટકા પ્રોજેક્ટ્સ નોંધાયા હોવાનું જાણવા મળ્યું છે. પ્રોજેક્ટ્સની સંખ્યાની દૃષ્ટિએ નવરંગપુરા ૪૪ પ્રોજેક્ટ્સ સાથે આગળ છે. ત્યારબાદ પાલડીમાં ૩૬, વાસણામાં ૨૬ અને મણિનગર તથા અન્ય સંબંધિત વિસ્તારોમાં ૧૮-૧૮ પ્રોજેક્ટ્સ નોંધાયા હોવાનું વિશ્લેષણમાં સામે આવ્યું છે.




અભ્યાસ અનુસાર નવરંગપુરા, નારણપુરા, પાલડી, વાસણા અને વાડજમાં જૂની રહેણાંક સોસાયટીઓનું પ્રમાણ નોંધપાત્ર છે. આ વિસ્તારોમાં લાંબા સમયથી રહેતા લોકો પોતાનો સ્થાનિક વિસ્તાર છોડવા ઈચ્છતા ન હોવાથી, એ જ સ્થળે આધુનિક સુવિધાઓ સાથે નવા મકાનો આપતું રીડેવલપમેન્ટ મોડલ વધુ આકર્ષક બની રહ્યું છે.રહેવાસીઓને રીડેવલપમેન્ટ બાદ એ જ વિસ્તારમાં નવા મકાનની સાથે પૂરતું પાર્કિંગ, લિફ્ટ, સુરક્ષા અને અન્ય આધુનિક સુવિધાઓ મળે તો તેઓ સ્થળાંતર કરતાં રીડેવલપમેન્ટને પ્રાથમિકતા આપે તેવી શક્યતા છે.

અભ્યાસમાં રીડેવલપમેન્ટ અને નિયમનકારી જોગવાઈઓ વચ્ચેનો સીધો સંબંધ પણ સામે આવ્યો છે. આશરે ૪૫ ટકા રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ ટ્રાન્ઝિટ-ઓરિએન્ટેડ ઝોન હેઠળ આવે છે, જ્યાં અનુમતિપાત્ર FSI ૪ સુધી હોઈ શકે છે.રીડેવલપમેન્ટની શક્યતા નક્કી કરવામાં માત્ર સોસાયટીની ઉંમર જ નહીં, પરંતુ પ્લોટનું કદ, રસ્તાની પહોળાઈ અને ઉપલબ્ધ FSI પણ નિર્ણાયક પરિબળો છે. વિશ્લેષણ મુજબ લગભગ ૭૧ ટકા પ્લોટ ૨,૦૦૦ ચોરસ મીટરથી નાના છે, જ્યારે ૬૧ ટકા પ્લોટ ૧૮ મીટરથી ઓછા પહોળા રસ્તાઓ પર આવેલા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર રીડેવલપમેન્ટમાં સૌથી મહત્વનું પરિબળ પ્લોટ પર ઉપલબ્ધ મહત્તમ FSI અને હાલમાં ઉપયોગમાં લેવાતી FSI વચ્ચેનો તફાવત છે. આ તફાવત જેટલો વધુ હોય, તેટલી જ સોસાયટી અને ડેવલપર વચ્ચે રહેવાસીઓને વધુ સારા અને મોટા મકાન આપવાની વાટાઘાટની શક્યતા વધી શકે છે. ડેવલપર્સ માટે પણ આવા પ્રોજેક્ટ્સ આકર્ષક બની શકે છે, કારણ કે પહેલેથી વિકસિત વિસ્તારમાં રસ્તા, વીજળી, પાણી અને અન્ય માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ હોય છે. પરિણામે ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટની સરખામણીએ કેટલાક ખર્ચમાં બચત થઈ શકે છે.

અમદાવાદમાં નવરંગપુરા, પાલડી, વાસણા, મણિનગર, વાડજ અને નારણપુરા વિસ્તારોમાં મોટી સંખ્યામાં રહેણાંક સોસાયટીઓ ૩૦ વર્ષથી વધુ જૂની થઈ રહી છે અને અનેક વિસ્તારોમાં રહેવાસીઓ પોતાના હાલના વિસ્તારમાં જ આધુનિક ઘર મેળવવા માંગે છે. બીજી તરફ ડેવલપર્સ માટે તૈયાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતા વિસ્તારોમાં રીડેવલપમેન્ટના પ્રોજેક્ટ્સ વ્યાવસાયિક રીતે આકર્ષક બની શકે છે.

હાલ રીડેવલપમેન્ટ થોડા પસંદગીના વિસ્તારો સુધી મર્યાદિત છે, પરંતુ જૂની સોસાયટીઓ, FSIની ઉપલબ્ધતા, યોગ્ય પ્લોટ સાઈઝ, રોડની પહોળાઈ અને પાર્કિંગ જેવા પરિબળો અનુકૂળ હોય તો આગામી વર્ષોમાં અમદાવાદના રિયલ એસ્ટેટ માર્કેટમાં રીડેવલપમેન્ટ એક મોટું ગ્રોથ સેગમેન્ટ બની શકે છે.

# રક્ષાબંધન પર સાયબર ઠગ સક્રિય : નકલી વેબસાઈટ અને લિંક્સથી બચવા ચેતવણી

### કુરિયર અને કેશબેકના નામે મોટો ફ્રોડ, એક ક્લિકથી ખાતું થઈ શકે છે ખાલી!: સાવચેતી જરૂરી, OTP, UPI PIN અને પાસવર્ડ તુરંત બદલી નાખો તથા કાર્ડ/એકાઉન્ટ બ્લોક કરાવો...

અમદાવાદ: રક્ષાબંધનના તહેવાર દરમિયાન ઓનલાઇન રાખડી, મીઠાઈ અને ગિફ્ટ ખરીદવાનો ક્રેઝ ઝડપથી વધી રહ્યો છે. જોકે, આ વધતી ખરીદી સાથે સાયબર ઠગ પણ વધુ સક્રિય બન્યા છે. ઉત્તર પ્રદેશ પોલીસના સાયબર સિક્યોરિટી એડવાઈઝર રાહુલ મિશ્રાના જણાવ્યા અનુસાર, સ્કેમર્સ લોકોની ઉત્સુકતા અને ઉતાવળનો ગેરફાયદો ઉઠાવીને નકલી વેબસાઇટ્સ અને લિંક્સ દ્વારા નાણાં પડાવી રહ્યા છે.

અહેવાલો મુજબ, તહેવારોમાં સાયબર છેતરપિંડીના પ્રકારો અને તેનાથી બચવાના કારગત ઉપાયો.

૧. સ્કેમર્સની નવી જાળ: છેતરપિંડીના મુખ્ય કીમિયા

તહેવારોના સમયે સાયબર ઠગ ગ્રાહકોને ફસાવવા માટે અલગ-અલગ પદ્ધતિઓ અપનાવે છે:

ફેક વેબસાઇટ અને સોશિયલ મીડિયા એડ્સ: અસલી બ્રાન્ડ જેવી જ દેખાતી નકલી વેબસાઇટ બનાવી ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર ભારે ડિસ્કાઉન્ટ કે એક્સપ્રેસ ડિલિવરીની જાહેરાતો ચલાવવામાં આવે છે. પેમેન્ટ લીધા પછી સામાન મોકલવામાં આવતો નથી.

વોટ્સએપ ગિફ્ટ અને કેશબેક સ્કેમ: "રક્ષાબંધન ગિફ્ટ ક્લેમ કરો" કે કેશબેક મેળવવાની લાલચ આપી નકલી લિંક્સ કે UPI કલેક્ટ રિક્વેસ્ટ' મોકલવામાં આવે છે. રિક્વેસ્ટ અપ્રુવ કરતા જ ખાતું ખાલી થઈ જાય છે.

ફેક કુરિયર અને ટ્રેકિંગ લિંક: ડિલિવરી એજન્ટ બની કોલ કરવો, એડ્રેસ અપડેટ કે પાર્સલ અટક્યાનું બહાનું બનાવી OTP માંગવો અથવા માલવેર ધરાવતી ફેક ટ્રેકિંગ લિંક મોકલવી.

ફેક કસ્ટમર કેર અને રિફંડ સ્કેમ: સર્ચ એન્જિન પર નકલી કસ્ટમર કેર નંબર મૂકી રિફંડના નામે 'સ્ક્રીન શેરિંગ એનિડેસ્ક/ ટીમવ્યુઅર' જેવી એપ ડાઉનલોડ કરાવી બેંક વિગતો ચોરી લેવી.

૨. ખરીદી અને ટ્રેકિંગ વખતે રાખવાની સાવચેતીઓ

ઓનલાઈન શોપિંગ અને પાર્સલ મોકલતી વખતે સાયબર છેતરપિંડીથી બચવા માટે આ બાબતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે:

સુરક્ષિત ખરીદી: ફક્ત જાણીતી અને ભરોસાપાત્ર વેબસાઈટ પરથી જ ઓર્ડર કરો. વેબસાઈટનું URL, રિવ્યુ, રેટિંગ અને રિટર્ન પોલિસી ચોક્કસ ચકાસો.

સાચું ટ્રેકિંગ: ઓર્ડર ટ્રેક કરવા માટે વોટ્સએપ કે SMSમાં આવેલી કોઈ પણ અજાણી લિંક પર ક્લિક ન કરવું. હંમેશા ઓફિશિયલ એપ કે વેબસાઈટમાં લોગિન કરીને My Orders સેક્શનમાંથી અથવા કુરિયર કંપનીની સત્તાવાર સાઈટ પર ટ્રેકિંગ નંબર નાખીને જ સ્ટેટસ જોવું.

રાખડી મોકલતી વખતે: કુરિયર કરતી વખતે પ્રાપ્તકર્તાનું સરનામું, પિનકોડ અને મો નંબર સાચો લખવો તથા શિપિંગ ચાર્જ અને ઓર્ડર ID રાખવા.

ફ્રોડ થાય તો શું કરવું? અને ક્યાં કરવી ફરિયાદ?

જો તમે અજાણતા સાયબર છેતરપિંડીનો શિકાર બની જાઓ, તો ગભરાયા વગર ત્વરિત પગલાં ભરો:

પોતાની બેંકને ઘટના અંગે તરત જ જાણ કરો.

OTP, UPI PIN અને પાસવર્ડ તુરંત બદલી નાખો તથા કાર્ડ/એકાઉન્ટ બ્લોક કરાવો.

તમામ ટ્રાન્ઝેક્શન રસીદ, ચેટ અને સ્ક્રીનશોટનો રેકોર્ડ સુરક્ષિત રાખો.

PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

## ૩૫ વર્ષની સરકારી તબીબી સેવાને વિરામ

# ડૉ. હિતેન્દ્ર એમ. પરીખનો ભવ્ય નિવૃત્તિ સમારોહ યોજાયો



## શ્રમિકો અને ગરીબોના આરોગ્યના રક્ષક બન્યા ડૉ. હિતેન્દ્ર પરીખ

અમદાવાદ : સરકારી આરોગ્ય સેવામાં ૩૫ વર્ષ સુધી નિષ્ઠાપૂર્વક સેવા આપનાર ડૉ. હિતેન્દ્ર એમ. પરીખની નિવૃત્તિ નિમિત્તે તાજેતરમાં ભવ્ય નિવૃત્તિ સમારોહ યોજાયો હતો. ડૉ. પરીખે, રાજ્ય સરકાર દ્વારા સંચાલિત એમ્પ્લોયીઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ સ્કીમમાં લાંબી અને જવાબદારીપૂર્ણ તબીબી સેવા આપ્યા બાદ ૩૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ ઈન્સ્યુરન્સ મેડિકલ ઓફિસર કલાસ-૧ ઓફિસર તરીકે સરકારી સેવામાંથી નિવૃત્તિ લીધી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, ડૉ. હિતેન્દ્ર એમ. પરીખના સન્માનમાં આયોજિત આ નિવૃત્તિ સમારોહમાં રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ડૉ. પ્રદ્યુમન ગનુભાઈ વાજાએ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.વિસત-ગાંધીનગર હાઈવે ખાતે યોજાયેલ નિવૃત્તિ



સમારોહમાં તેમના ધર્મપત્ની શ્રીમતી પ્રફુલ્લા એચ. પરીખ સહિત સ્ટાફગણ, મિત્રો, સ્નેહીજનો, પરિવારજનો અને શુભેચ્છકો ઉપસ્થિત રહી નિવૃત્તિ પછીનું જીવન સ્વસ્થ અને આનંદમય રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

ડૉ. પરીખની સરકારી તબીબી સેવાની શરૂઆત ૧૯૯૩માં થઈ હતી. ૧૯૯૩ થી ૨૦૦૨ દરમિયાન તેમણે કલોલ ખાતે આવેલ ESIS જનરલ હોસ્પિટલ ખાતે ઈન્સ્યુરન્સ મેડિકલ ઓફિસર તરીકે સેવા આપી હતી. ત્યારબાદ ૨૦૦૨ થી ૨૦૨૨ દરમિયાન ગોમતીપુર ખાતે આવેલ જનરલ હોસ્પિટલ ખાતે ફરજ બજાવી હતી.આ ભૂમિકામાં તેમણે તબીબી સારવાર ઉપરાંત હોસ્પિટલની દર્દી સંભાળ અને ક્લિનિકલ કામગીરી સાથે સંકળાયેલી જવાબદારીઓ નિભાવી હતી.


આશરે ૨૦૨૨ થી ૨૦૨૬ દરમિયાન ડૉ. પરીખે ઈન્સ્યુરન્સ મેડિકલ ઓફિસર તરીકે ESIS, ગુજરાતમાં સેવા આપી હતી. તેઆનું છેલ્લું પોસ્ટિંગ શાહીબાગ ખાતે આવેલ આસિસ્ટન્ટ ડાયરેક્ટર તરીકે એમ્પ્લોયીઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ સ્કીમની કચેરીમાં હતું. અહીં તેમણે તબીબી સેવાઓ ઉપરાંત મેડિકલ સર્વિસના સુપરવિઝન, કો-ઓર્ડિનેશન અને વિભાગીય વ્યાવસાયિક તથા વહીવટી જવાબદારીઓ પણ સંભાળી હતી. તેમની સમગ્ર કારકિર્દી દરમિયાન ESIS ના વીમિત કર્મચારીઓ અને તેમના આશ્રિતોને તબીબી સેવા, ક્લિનિકલ એસેસમેન્ટ, નિદાન, સારવાર અને દર્દી વ્યવસ્થાપન જેવી સેવાઓ પૂરી પાડવામાં તેમનું મહત્વનું યોગદાન રહ્યું હતું.

આમ, ત્રણ દાયકાથી વધુ લાંબી સરકારી તબીબી સેવાના અંતે યોજાયેલો આ સમારોહ ડૉ. પરીખની વ્યાવસાયિક સફરને સન્માનપૂર્વક વિદાય આપવાનો પરિવારના સ્નેહથી ભરેલો પ્રસંગ બની રહ્યો.









Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.